WANotify.org

# WA NOTIFY કેવી રીતે કાર્ય કરે છે

WA Notify (વૉશિંગ્ટન એક્સપોઝર નોટિફિકેશન્સ તરીકે પણ ઓળખાય છે) એ COVID-19 ના ફેલાવાને રોકવામાં મદદ કરવા માટેનું એક મહત્વપૂર્ણ સાધન છે. માસ્ક પહેરવું, અંતર જાળવવું અને રસી મેળવવાની જેમ જ, WA Notify એ આપણા સમુદાયને સુરક્ષિત રાખવાનો એક શ્રેષ્ઠ માર્ગ છે.

જો તેઓ COVID-19 ના સંસર્ગમાં આવ્યા હોય તો વપરાશકર્તાઓને ચેતવણી આપવા માટે WA Notify, કોઈપણ વ્યક્તિગત માહિતી શેર કર્યા વિના, સ્માર્ટફોન દ્વારા કાર્ય કરે છે. **તે સંપૂર્ણપણે ખાનગી છે, અને તમે કોણ છો અથવા તમે ક્યાં જાઓ છો તે જાણતા નથી અથવા ટ્રૅક કરતા નથી.**

અભ્યાસો દર્શાવે છે કે જેટલો વધુ લોકો એક્સપોઝર નોટિફિકેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, તેટલો વધુ ફાયદો. વૉશિંગ્ટન સ્ટેટમાં ડેટા મોડલ દર્શાવે છે કે WA Notify નો ઉપયોગ કરતા લોકો પણ ઓછી સંખ્યામાં હોય તો પણ ચેપ અને મૃત્યુમાં ઘટાડો થશે.

## તમારા ફોનમાં WA NOTIFY ઉમેરો

**iPhone પર:**

૧. Settings (સેટિંગ્સ) પર જાઓ
૨. Exposure Notifications (એક્સપોઝર નોટિફિકેશન) સુધી નીચે સ્ક્રોલ કરો
૩. "Turn On Exposure Notifications (એક્સપોઝર નોટિફિકેશન ચાલુ કરો)" પર ક્લિક કરો
૪. યુનાઇટેડ સ્ટેટ્સ પસંદ કરો
૫. વૉશિંગ્ટન પસંદ કરો

**Android ફોન પર:**

૧. Google Play Store (ગૂગલ પ્લે સ્ટોર) પર જાઓ
૨. WA Notify એપ્લિકેશન ડાઉનલોડ કરો

## એકવાર તમે તમારા ફોન પર WA NOTIFY ઉમેરો પછી

COVID-19 ના ફેલાવાને રોકવા માટે તે કેવી રીતે કાર્ય કરે છે તે અહીં છે

૧



જ્યારે તેમના સ્માર્ટફોન પર WA Notify નો ઉપયોગ કરતા બે લોકો એકબીજાની નજીક હોય, ત્યારે તેમના ફોન બ્લૂટૂથનો ઉપયોગ કરીને યાદચ્છિક કોડની આપ-લે કરે છે. **કોડ્સ સંપૂર્ણપણે અનામી છે, જેમાં કોઈ સ્થાન ટ્રૅકિંગ અથવા વ્યક્તિગત માહિતીની આપ-લે નથી.**

૨




જો કોઈ વ્યક્તિની લેબોરેટરીથી પુષ્ટિ થયેલ તપાસથી COVID-19 માટે તપાસ પોઝિટિવ આવે, તો જાહેર આરોગ્ય તેમને વેરિફિકેશન લિંક ટેક્સ્ટ મેસેજ અને/અથવા પોપ-અપ સૂચના મોકલશે. વૈકલ્પિક રીતે, વપરાશકર્તા ઘર પરની તપાસમાં પોઝિટિવ માટે ખરાઇ કોડની વિનંતી કરી શકે છે.

૩



જે વ્યક્તિનો ટેસ્ટ પોઝિટિવ આવે છે તેઓ **લિંક પર ક્લિક કરો** અથવા નોટિફિકેશન પર ટૅપ કરો અને ઍપમાં તેમનું પરિણામ કન્ફર્મ કરવા માટે **તમામ પગલાંને અનુસરો.**

૪



WA Notify વપરાશકર્તાઓને એક સૂચના પ્રાપ્ત થાય છે કે જો તેઓ નજીકમાં હોય અને સંભવિતપણે કોઈ **અનામી WA Notify વપરાશકર્તા દ્વારા સંસર્ગમાં આવ્યા હોય, જેઓની તાજેતરમાં COVID-19 માટેની તપાસ પોઝિટિવ આવી હોય.**

૫




સૂચનાઓમાં તમારી જાતને અને અન્યોને સુરક્ષિત રાખવા માટે આગળ શું કરવું તેની માહિતીની લિંક હોય છે. **કોની તપાસ પોઝિટિવ આવી અથવા ક્યાં સંસર્ગ થયો હશે તે વિશે તેઓમાં કોઈ માહિતી નથી.**